# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) આજે રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની ઉજવણી - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને હાથશાળની વસ્તુઓ અપનાવવા અપીલ કરી.

2) કેન્દ્ર સરકારે ઉડ્ડયન ટર્બાઇન ઇંધણમાં ઇથેનોલ ભેળવવાના દાવાઓને નકારી કાઢ્યા.

3) ઓડિશામાં મધ્યમ અંતરની અગ્નિ-4 બેલિસ્ટિક મિસાઇલનું સફળ પરીક્ષણ કરાયું.

4) ભારત-સિંગાપોરે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી માટે આઠ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગની પ્રગતિની સમીક્ષા કરી.

5) કોરિયા માસ્ટર્સ બેડમિન્ટનમાં તન્વી શર્મા, અશ્મિતા ચલિહા અને રક્ષિતા રામરાજ મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા.

------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો...**

# HANDLOOM DAY

દેશભરમાં આજે રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની ઉજવણી કરાશે. વર્ષ 1905માં આ જ દિવસે શરૂ થયેલા સ્વદેશી ચળવળની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે. ઉજવણીનો હેતુ દેશના હાથશાળ વણકરોની કલાત્મકતા, કૌશલ્ય અને સમર્પણને બિરદાવવાનો છે.વસ્ત્ર મંત્રાલય દ્વારા આજે 12મા રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણી માટે રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે એક રાષ્ટ્રીય સમારોહનું આયોજન કરાયું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ  આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત લેશે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સમારોહમાં ત્રણ સંત કબીર હાથશાળ પુરસ્કાર અને 19 રાષ્ટ્રીય હાથશાળ પુરસ્કાર સહિત કુલ 22 પુરસ્કારો હાથશાળ વણકરોને તેમની કારીગરી, નવીનતા અને ભારતની હાથશાળ પરંપરાઓના સંરક્ષણમાં યોગદાન બદલ એનાયત કરવામાં આવશે. આ પ્રસંગે દેશની સમૃદ્ધ અને વૈવિધ્યસભર હાથશાળ વણાટ પરંપરાઓની ઉજવણી કરતી ચાર સ્મારક ટપાલ ટિકિટો બહાર પાડવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિડીયો સંદેશના મધ્યમથી આજના દિવસને ઉત્સાહથી ઉજવવા નાગરિકોને અપીલ કરી છે.

## (BYTE - PM-MODI-ON-HANDLOOM-DAY)

*("मैं आज आग्रह करता हूँ, 7 अगस्त हैंडलूम डे होता है। हमने उत्साह और उमंग के साथ हैंडलूम डे मनाना है। हमारा काम है आत्मनिर्भर भारत बनाने के लिए, हमारी इन छोटे-छोटे, गरीब परिवारों को भी आर्थिक रूप से समृद्ध करना। आइए, हम स्वयं हैंडलूम से कुछ न कुछ खरीदें। उसका एक वीडियो बनाएं और देश और दुनिया  में उस वीडियो को प्रचारित करें, ताकि हमारे बुनकर भाई-बहनों के सामर्थ्य का परिचय दुनिया को भी हो।")*

# GOVT DENIES ETHANOL BLEND IN AT

કેન્દ્ર સરકારએ ઉડ્ડયન ટર્બાઇન ઇંધણમાં ઇથેનોલ ભેળવવાના દાવાઓને નકારી કાઢ્યા છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ સરકાર એવિએશન ટર્બાઇન ઇંધણમાં ઇથેનોલ ભેળવવાની યોજના ધરાવે છે એ દાવાને ફગાવતા કહ્યું કે આવી કોઈ દરખાસ્ત નથી. તેમણે કહ્યું કે ઇથેનોલ અને ટકાઉ ઉડ્ડયન ઇંધણ સંપૂર્ણપણે અલગ છે અને તેમને એકબીજા સાથે જોડવા ન કરવી જોઈએ.

# DEFENCE - AGNI 4

ભારતે ઓડિશાના ચાંદીપુરથી મધ્યમ અંતરની બેલિસ્ટિક મિસાઇલ અગ્નિ-4નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ પ્રક્ષેપણથી મિસાઇલના તમામ ઓપરેશનલ અને ટેકનિકલ પરિમાણો માન્ય થયા છે. આ સફળ પ્રક્ષેપણ દેશની વ્યૂહાત્મક પ્રતિરોધક ક્ષમતાઓને મજબૂત બનાવવામાં વધુ એક સીમાચિહ્નરૂપ છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સફળ મિશન માટે સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ અને DRDOને અભિનંદન પાઠવ્યા હતા. સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે અત્યાધુનિક ટેકનોલોજી સાથે રાષ્ટ્રનું રક્ષણ કરવાની ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

# RAJYA SABHA, WEST ASIA

સરકારે જણાવ્યું છે કે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થયો ત્યારથી 10 ખલાસીઓ સહિત 16 ભારતીય નાગરિકોના મોત થયા છે અને 75 અન્ય ઇજાગ્રસ્ત થયા છે.

રાજ્યસભામાં એક લેખિત જવાબમાં, વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે જણાવ્યું હતું કે સરકારે યજમાન સરકારો સાથે સંકલનમાં, મૃતક ભારતીય નાગરિકોના પરિવારોને તેમના મૃતદેહોને ઝડપથી સ્વદેશ પરત મોકલવા માટે તમામ શક્ય સહાય પૂરી પાડી છે. ઇજાગ્રસ્ત ભારતીય નાગરિકોની સ્થાનિક હોસ્પિટલોમાં સારવાર કરવામાં આવી હતી. ભારતીય દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સે સ્થાનિક અધિકારીઓ અને હોસ્પિટલો સાથે સંકલન કર્યું હતું અને તમામ જરૂરી સહાય પૂરી પાડી હતી.

યુદ્ધ ક્ષેત્રમાં બનતી તમામ ઘટનાઓમાં, DGMA કલ્યાણ યોજના હેઠળ ₹૧૦ લાખનું વળતર આપવામાં આવે છે. સરકાર દ્વારા યોગ્ય તપાસ અને ચકાસણી પછી આ રકમ અસરગ્રસ્ત ખલાસીઓના પરિવારોને વિતરિત કરવામાં આવે છે. આ સાથે વિદેશ મંત્રાલય અને દૂતાવાસો એ અસરગ્રસ્ત દેશોના સંબંધિત સ્થાનિક અધિકારીઓ તેમજ નાગરિક ઉડ્ડયન મંત્રાલય સાથે સંકલન કરી ફસાયેલા ભારતીય મુસાફરોને ભારત લાવવામાં મદદ કરી હતી.

# JHARKHAND-STUDENTS PROTEST

ઝારખંડમાં ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામેનું વિરોધ પ્રદર્શન આજે 14મા દિવસમાં પ્રવેશ્યુ. રાજ્યની રાજધાની રાંચીમાં છ પ્રદર્શનકારીએ ભૂખ હડતાળ ચાલુ રાખી છે. આંદોલનકારી વિદ્યાર્થીઓએ આ મુદ્દાના ઉકેલ માટે રાજ્ય સરકાર સાથે વાટાઘાટો કરવા માટે 11 સભ્યોનું પ્રતિનિધિમંડળ બનાવ્યું છે. દરમિયાન મુખ્યમંત્રી હેમંત સોરેને કહ્યું કે તેમની સરકાર આંદોલનકારીઓ સાથે વાટાઘાટો માટે તૈયાર છે.

# SONOWAL---PORT-SECURITY-CONFERENCE

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે ભારતના દરિયાઈ સુરક્ષા સ્થાપત્યમાં ટેકનોલોજી-આધારિત પરિવર્તન લાવવાઆહ્વાન કર્યું. નવી દિલ્હીમાં બીજા રાષ્ટ્રીય બંદર સુરક્ષા પરિષદ 2026 ને સંબોધતા તેમણે કહ્યું કે દેશના વધતા જતા બંદર નેટવર્ક અને વૈશ્વિક વેપારમાં વધતી ભૂમિકા માટે લવચીક, સંકલિત અને ઉભરતા સાયબર અને ભૂ-રાજકીય જોખમોનો સામનો કરવા સક્ષમ સુરક્ષા પદ્ધતિઓની જરૂર છે.

તેમણે દરિયાઈ ક્ષેત્રના હિસ્સેદારોને અદ્યતન તકનીકો અપનાવવા, સંસ્થાકીય સંકલનને મજબૂત કરવા અને ભવિષ્ય માટે તૈયાર સુરક્ષા માળખું બનાવવા અપીલ કરી.

## (BYTE- SARVANAND SONOVAL)

*("देश की सुरक्षा सर्वोपरि है। और उसी के आधारित अगले दिनों पर हम ऐसा एक कॉम्प्रिहेंसिव नेशनल ब्यूरो ऑफ़ नेशनल पोर्ट सिक्योरिटी गठन करेंगे जिससे जनता की अपेक्षा के मुताबिक हम अपनी कर्तव्य को निष्ठापूर्वक निभा पाए। आदरणीय प्रधानमंत्री नरेंद्र मोदी जी के नेतृत्व में पिछले 12 साल में हम जो तरक्की की है आज दुनिया ने देखी है। पोर्ट्स इंडस्ट्री मेरीटाइम एक्सपर्ट्स टुगेदर ऑन वन प्लेटफार्म।")*

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# INDIA SINGAPORE

ભારત-સિંગાપોરે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી માટે આઠ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગની પ્રગતિની સમીક્ષા કરી. 19માં તબક્કાની ભારત-સિંગાપોર વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક ગઈકાલે નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા સચિવ રુદ્રેન્દ્ર ટંડન અને સિંગાપોર વિદેશ મંત્રાલયના કાયમી સચિવ લ્યુક ગોહ દ્વારા કરવામાં આવી. બંને દેશોએ પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું અને સહિયારા પડકારોનો સામનો કરવા આસિયાન સહિત આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મંચ પર ગાઢ સંકલનના મહત્વની પુનઃપુષ્ટિ કરી.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગની ભારત મુલાકાત દરમિયાન વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી માટેની રૂપરેખા અપનાવાઇ હતી.

# TRUMP - EXECUTIVE ORDER

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જન્મજાત નાગરિકત્વને મર્યાદિત કરવા અને પ્રવાસનને રોકવા માટે બે કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. ઓવલ ઓફિસમાં બોલતા, શ્રી ટ્રમ્પે કહ્યું કે તેમનું વહીવટીતંત્ર ઇમિગ્રેશન સિસ્ટમના દુરુપયોગ પર કડક કાર્યવાહી કરી રહ્યું છે.

વ્હાઇટ હાઉસના જણાવ્યા અનુસાર, પહેલા આદેશ હેઠળ વિદેશી નાગરિકોના બાળકો અમેરિકાની સર્વોચ્ચ અદાલત દ્વારા માન્યતા પ્રાપ્ત અપવાદો હેઠળ જન્મજાત નાગરિકત્વ માટે પાત્ર રહેશે નહીં, જ્યારે બીજા આદેશનો હેતુ બાળકો માટે નાગરિકત્વ મેળવવાના હેતુથી અમેરિકાના પ્રવાસે આવેલા વિદેશી નાગરિકોને રોકવા રાજ્ય અને ગૃહ વિભાગને સત્તા આપવાનો છે.

# YEMEN-HOUTHI ATTACK

યમનમાં, દેશના મધ્ય અને પૂર્વ ભાગમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરો દ્વારા કરાયેલા હુમલામાં 30 સૈનિકોના મોત અને 50 ઈજગ્રસ્ત થયા છે. યમનના સરકારી અધિકારીઓએ જણાવ્યું કે મારિબ અને હદ્રામૌત પ્રાંતોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારના દળોના કેમ્પ પર હુમલા કરવામાં આવ્યા હતા.

હુથી નેતાએ જણાવ્યું કે હુમલાઓમાં સાઉદી સમર્થિત સૈનિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

# CONGO-EBOLA

કોંગોમાં, આરોગ્ય અધિકારીઓએ રાજધાની કિન્શાસા નજીક એક બોટમાં મુસાફરી કરી રહેલા 255 મુસાફરોનું નિરીક્ષણ કર્યું, જેમાં એક મુસાફરનું ઇબોલા વાયરસથી મૃત્યુ થયું હોવાનું સામે આવ્યું. ચીન દ્વારા સંચાલિત બોટને રાજધાની કિન્શાસાથી બેન્ડે બેન્ડે બંદર નજીક અટકાવવામાં આવી હતી.

અત્યારસુધીમાં કોંગોમાં ઇબોલાના કેસનો આકડો 4 હજારએ પહોંચ્યો છે જયારે વાયરસથી 1 હજાર 800થી વધુના મોત થયા છે.

# KOREA MASTERS BADMINTON

કોરિયા માસ્ટર્સ બેડમિન્ટન સ્પર્ધામાં મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં ભારતની તન્વી શર્મા દેશબંધુ રક્ષિતા રામરાજ સામે જ્યારે અશ્મિતા ચલિહા જાપાનની હિના અકેચી સામે ટકરાશે. પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં તન્વીએ સાથી ખેલાડી શ્રીયાંશી વાલિશેટ્ટીને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. તો અશ્મિતાએ દક્ષિણ કોરિયાની કિમ મિન જી ને હરાવી અંતિમ આઠમાં પ્રવેશ કર્યો હતો.

બીજી તરફ પુરુષ ડબલ્સની ક્વાર્ટર ફાઇનલમાં, પૃથ્વી કૃષ્ણમૂર્તિ રોય અને કૃષ્ણ પ્રસાદ ગરાગાની ભારતીય જોડી સેમિફાઇનલમાં સ્થાન મેળવવા મલેશિયાની મેન વેઈ ચોંગ અને સોહ વૂઈ યિક સામે ટકરાશે.

# MEXICO COURT - META

મેક્સિકોની એક અદાલતે ઇન્સ્ટાગ્રામ અને ફેસબુકની સહાયક કંપની મેટાને તેના પ્લેટફોર્મથી યુવાનોને થયેલા નુકસાનને પહોંચી વળવા માટે 567 મિલિયન અમેરિકી ડોલર ચૂકવવાનો આદેશ આપ્યો છે. ન્યાયાધીશ બ્રાયન બિડશેઇડે ચુકાદામાં જણાવ્યુ કે કુલ ભંડોળમાંથી 420 મિલિયન ડોલરનો ઉપયોગ યુવાનો માટે સારવાર સેવાઓ માટે કરવામાં આવશે, જ્યારે બાકીની રકમ આગામી પાંચ વર્ષમાં જાગૃતિ અને નિવારણ કાર્યક્રમો અને અન્ય સંબંધિત ખર્ચને ટેકો આપશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભૂંડીયા

- આજે અખબારોમાં વિવિધ સમાચાર છપાયા છે.
- ગુજરાત સમાચાર અને દિવ્ય ભાસ્કર લખે છે કે, "સુધારા" માટે જેન-ઝીનું આંદોલન જરૂરી હતું, જેન-ઝી અમારી પેઢી કરતાં વધુ ઈમાનદાર, દેશભક્ત: ભાગવત માન
- સંદેશે લખ્યું છે કે, ગોબર અને કચરામાંથી ગેસ બનાવવા 23 હજાર 731 કરોડની ગોબર ધન યોજનાને મંજૂરી: CNG - PNGમાં બાયોગેસ મિક્સ કરવા યોજના.
- ફૂલછાબ લખે છે કે, કેન્દ્રની મેટાને ચેતવણી: ભારતમાં અમેરિકી કાયદા નહિ ચાલે.
- અને નવગુજરાત સમય લખે છે કે, UPI વ્યવહાર પર ચાર્જ લાગશે, લોકસભામાં બિલ પસાર.
- સ્થાનીક સમાચારોમાં જોઈએ તો, 11થી 15 ઓગસ્ટ ઉત્તર-દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મુશળધાર વરસાદની શક્યતા, રાજ્યમાં 134 એકમોમાં તપાસ, 2.82 લાખના પનીરના જથ્થાનો નાશ, હવેથી સરકારી કર્મીઓના 10 લાખથી વધુ રકમના મેડિકલ બિલો મુખ્યમંત્રી મંજૂર કરશે. અને રાજ્યમાં બેફામ ટ્રાફિક નિયમન ભંગ: વહાનચલકોએ ઈ-ચલણનો દંડ નહિ ભર્યાનો આંકડો 500 કરોડની નજીક જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.